## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- નેહલ ઠક્કર

## કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

**તારખ:- ૧૦-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે**

---

# ઉપરાષ્ટ્રપતિ

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિકસિત ભારતના લક્ષ્યને સિધ્ધ કરવા સંશોધન અને નવકલ્પના ઉપર ભાર મૂક્યો છે. ગઈકાલે દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય ટેકનોલોજી સંસ્થાના ચોથા પદવીદાન સમારોહમાં તેમણે શૈક્ષણિક સંસ્થાઓને અભ્યાસક્રમ દ્વારા સંશોધન અને નવકલ્પનાને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો.

ઉપરાષ્ટ્રપતિએ આ અભિયાનમાં મદદરૂપ થવા કોર્પોરેટ ક્ષેત્રને અપીલ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ ધનખડે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્ર માનવ સંસાધનોને સમૃધ્ધ બનાવવામાં મદદરૂપ થતું હોવાથી આ ક્ષેત્રનું મૂડીરોકાણ ખૂબ જ મહત્વનું ગણાવી શકાય.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---

# નાણામંત્રી-MSME

કેન્દ્ર સરકારે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો – MSME ને ચાલુ નાણાંકીય વર્ષમાં પોણા છ લાખ કરોડ રૂપિયાનો ધિરાણ આપવાનો લક્ષ્યાંક આપ્યો છે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે બેંગલુરૂમાં યોજાયેલા MSME અંગેના ખાસ કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, MSME માટે 100 કરોડ રૂપિયાનું ચોક્કસ મુદત માટેનું ધિરાણ આપવા અંગેની નવી ધિરાણ બાંહેધરી યોજના ટૂંક સમયમાં મંત્રીમંડળ સમક્ષ રજૂ

RNU BHUJ

કરાશે. આ યોજનામાં ત્રીજા પક્ષની બાંહેધરી વિના MSME ને ધિરાણ આપવાની જોગવાઈ છે.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---------------------------------------------------------------------

## રાજ્ય-સ્વ-સહાય જુથ

રાજ્યમાં ગ્રામીણ મહિલાઓ સ્વ-સહાય જૂથની રચના કરીને "આત્મનિર્ભરતા" તરફ ડગ માંડી રહી છે. રાજ્યમાં ૩ લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે. ૩૦ લાખથી વધુ ગરીબ મહિલાઓના આર્થિક ઉન્નતિના દ્વાર ખૂલ્યા છે.

અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧ લાખ ૧૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને ૩૭ હજાર ૬૬૭ કરોડ રૂપિયાથી વધુની કેશ ક્રેડિટ આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ સ્વ-સહાય જૂથોને ૧૮૨ કરોડ થી વધુ રિવોલ્વિંગ એટલે કે ફરતુ ફંડ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં ૧ લાખ ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને અત્યાર સુધીમાં ૭૫૩ કરોડ ૪૩ લાખ રૂપિયાથી વધુની કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ એટલે કે સમુદાય મૂડીરોકણ ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

રાજ્યના કુલ ૩૩ જિલ્લામાં સ્વ-સહાય જૂથો માટે ૩૩ સરસ મેળા યોજાયા હતા. જેમાં સ્વ-સહાય જૂથો દ્વારા ૩ કરોડ ૬૫ લાખ રૂપિયાથી વધુનું વેચાણ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વ-સહાય જૂથની પ્રેરણા આપી હતી. આવા સ્વ-સહાય જૂથોને રાજ્ય સરકાર તરફથી જરૂરી તમામ સહાય આપીને સખીમંડળો સાથે જોડાયેલી મહિલાઓને આત્મનિર્ભર કરવાનો દેશમાં આ નવો પ્રયાસ રાજ્ય સરકારે કર્યો હતો.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---------------------------------------------------------------------

RNU BHUJ

# તાના-રીરી સંગીત સમારોહ

ઐતિહાસિક શહેર વડનગરમાં બે  દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો આજથી આ રંભ થશે. આ વર્ષે એવોર્ડ તાના-રીરી સમારોહમાં ખ્યાતનામ મહિલા પ્રતિભા સુશ્રી વિદુષી પદ્મા સુરેશ તલવલકર અને ડો.પ્રદીપ્તા ગાંગુલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહમાં સાંસ્કૃતિક  પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઇ બેરા, ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

**(RNU અમદાવાદ/નેહલ ઠક્કર)**

---------------------------------------------------------------------------

# અંજારની લકઝરી બસને અકસ્માત

અંબાજી નજીક ત્રિશૂળિયા ઘાટ ઉપર ગઈકાલે ટ્રિપલ  અકસ્માત સર્જાયો હતો, જેમાં અંજારની લક્ઝરી બસનો સમાવેશ થાય છે. લક્ઝરી બસમાં અંજારના કુલ 28 મુસાફરો સવાર હતા, જેઓ અંબાજીથી દર્શન કરીને ઘરે પરત ફરી  રહ્યા હતા. અકસ્માતમાં ઘાયલોની સંખ્યા વધારે હોવાથી 108 મારફત 37 ઇજાગ્રસ્તોને દાંતા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે 9 ઇજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે પાલનપુર ખાતે ખસેડાયા છે. અંજારથી અંબાજી દર્શેનાર્થે આવેલા યાત્રિકોની લક્ઝરી બસની બ્રેક અચાનક ફેલ થતાં આ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળેલ છે.

**(NP/નેહલ ઠક્કર)**

---------------------------------------------------------------------------

RNUBHUJ

## કચ્છ-કોમન રિવ્યુ મિશન

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર આરોગ્ય સેવાના વિવિધ તબીબી વિભાગ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.આ ગ્રાન્ટનો લોકોને કેટલો અને કેવી રીતે લાભ મળે છે તેની જાત માહિતી મેળવવા માટે દિલ્હીથી કોમન રિવ્યુ મિશનની ખાસ ટીમ આગામી તારીખ 19 થી 23 નવેમ્બર દરમિયાન કચ્છ આવશે અને વિવિધ સરકારી હોસ્પિટલો, દવાખાના અને લોકોની મુલાકાત લઈ તેઓના અભિપ્રાય જાણશે.

ઉલ્લેખનીય છે કે  તબીબી ક્ષેત્રના રાષ્ટ્રીય મીશન, પ્રોજેકટમાં કેન્દ્ર સરકાર દ્વારા 60 ટકા અને રાજય દ્વારા 40 ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે.

**(NP/નેહલ ઠક્કર)**

---

## ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક-જીવન પ્રમાણપત્ર

સરકારી કચેરીઓ તેમજ વિવિધ ખાનગી કંપનીઓમાંથી પેન્શન મેળવતા પેન્શનરોએ સમયાંતરે તેઓ જીવિત હોવા અંગેનો પૂરાવો આપવાનો હોય છે ત્યારે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક દ્વારા પેન્શનરોને ઘરબેઠા જીવન પ્રમાણ પ્રમાણપત્ર આપવામાં આવશે.

પોસ્ટ પેમેન્ટ બેન્ક દ્વારા તમામ કેન્દ્રીય, રાજ્ય અને ભવિષ્ય નિધિના પેન્શનધારકો માટે ડિજિટલ લાઇફ સર્ટીફિકેટ આપવા માટે ઝુંબેશ શરૂ કરાઇ છે, જે આગામી તારીખ 30 નવેમ્બર સુધી ચાલુ રહેશે.

**(NP/નેહલ ઠક્કર)**

---